## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ટોકું છું, ટીખળ કરૂં છું, સંતુલિત અટકળ કરૂં છું
થળ ઉપર છું, જળ ચહું છું, ઇચ્છાનાં મૃગજળ કરૂં છું.
એ કહે કે છળ કરૂં છું, સત્યને આગળ કરૂં છું
તર્કનું ઓજાર લઈને, તત્વને સમથળ કરૂં છું.

- પંચમ શુક્લ

### પાથેય

- રમેશ ઠક્કર

## રસ્તે વેરાતું વિસ્મય...

આમ તો અચરજ એ જ જીવનની તરજ છે..જગતમાં જો વિસ્મયના હોત તો સમય પોતે જ એક સમસ્યા હોત !આપણી આસપાસ કેટકેટલી રોમાંચક ઘટનાઓ લાઈવ થઈ રહી હોય છે..આપણે કદાચ કનેક્ટ થઈ શકતા નથી..

રસ્તે જોવા મળતું એક ઘર બંધ છે..ઘણા સમયથી..કદાચ એના માલિક લાંબી રજાઓ ઉપર ફરવા ગયા હશે..ઘરની ફરતે કોટ છે..આગળ બંધ ગેટ..લોખંડનો આરપાર દેખાય એવો..ઘર માણસો વગર બિહામણું જ લાગે બરાબરને ? પણ આ ઘર એવું નથી.ગેટની અંદર એક જાસૂદનો છોડ છે...મારે જે વાત કરવી છે એ આ છે !

જાસૂદ એ જન્મજાત રૂપાળું ફુલ છે જેમ કેટલાક માણસો જન્મજાત ખુબસુરત હોય છે એમ.એ રીતે મને એના તરફ થોડોક અનુરાગ પણ ખરો..હમણાંથી હું જેટલી વખત એ બંધ ઘર તરફ જોઉં છું મને આપોઆપ જાસૂદનાં દર્શન થઈ જાય છે..એને કદાચ હું જાસૂસ જેવો લાગતો હોઈશ ! પણ મને એનામાં રોજ નવું અચરજ દેખાય છે.

એના લીલાંછમ પાંદડાનો વૈભવ થોડાક દિવસ ઉપર હતો એના કરતાં આજકાલ વધારે દેખાય છે..માણસની જેમ છોડ પણ વિકસે છે એ રીતે..અવાવર ઘર હોવાથી દિવસભર અનેક ઢોરઢાંખર ત્યાંથી નિકળે છે..જાસૂદના છોડ ઉપરથી પાંદડાં અને ફુલ ખાવાનો પ્રયાસ કરે છે..કેટલીક વ્યકિતઓ જેમાં પુરૂષ અને સ્ત્રી બંને છે વહેલી સવારે ચાલતાં ચાલતાં જરીક અટકી રાતભર ટપકેલાં ફુલોને ચુંટી જાય છે..જાસૂદને જાણે નિવસ્ત્ર કરી જાય છે..!

એકાદ બે જણ તો એવાં છે કે ફુલ ખીલ્યાં નથી ને જાણે ટપકયાં જ નથી..! જાસૂદ રોજ ઘવાય છે..પણ આશ્ચર્ય એ વાતનું છે કે આમછતાં એ રોજેરોજ નવા વૈભવ થકી બંધ દરવાજા પાછળ છવાય છે ! માણસ એને જેમ લૂંટે છે એમ એ બીજા દિવસે વધારે ને વધારે સમૃધ્ધ બની ફેલાય છે..બસ મારે સતત એની તરફ જોવાનું કારણ આ છે !

ડાર્વિને યોગ્યતમની ચિરંજીવતા એટલે કે 'સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ'નો સિધ્ધાંત એ માણસજાત માટે જ નહીં ઝાડપાન માટે પણ આપ્યો હશે એવું મને લાગે છે..આ જાસૂદ એનો જીવતો જાગતો પુરાવો છે..છેલ્લા ઘણા દિવસોથી માણસો જેમ એની ઉપર અત્યાચાર કરે છે એમ એ વધારેને વધારે ખીલતાં જાય છે..એનો ઉપયોગ કરનાર અજાણ્યા આગંતુકો નથી એને પાણી પીવડાવવાનું વિચારતા કે નથી એની વેરવિખેર ડાળીઓને સરખી કરવાનું..જાસૂદ આપોઆપ બેઠું થાય છે..

મને એની આ ટક્કર ગમે છે..માણસ ઈંટનો જવાબ પથ્થરથી આપે છે પણ એ પ્રહારનો પ્રત્યુત્તર બહારથી આપે છે..એને વાચા ફૂટે તો પણ એ માણસને ધિકકારશે નહીં..એની ખીલવાની ખુમારી જોતાં મને તો એવું લાગે છે કે એ કદાચ એને ચૂંટી લેનાર હાથને એવું કહે કે 'તને વાગ્યું તો નથી ને પ્રિય..!' માણસના અત્યાચાર સામે દિવસે દિવસે વધારેને વધારે રોનક ધારણ કરતો આ નાજુક છોડ મને પોલાદી પરિચય કરાવી જાય છે..બંધ ઘરની આરપાર મને એની ખુમારી દેખાય છે..આખું ઘર અવાવર છે પણ જાસૂદનો વૈભવ પૂરબહાર છે..!

# ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે !

### તંત્રીસ્થાનેથી...

ઈસુની એકવીસમી સદીનું એકવીસમું વર્ષ ઘણું યાદગાર રહેશે. ખાસ તો એના પ્રારંભિક તબક્કે રાક્ષસી ચાઈનીઝ કોરોનાના માનવભક્ષી હુમલાને કારણે અને કેટલીક ઐતિહાસિક ઘટનાઓને લીધે. કોરોના વિદાય થવાનું નામ નથી લેતો. એ જુદા જુદા વેશ લઈને આખી દુનિયાને બાનમાં લેતો રહ્યો છે. આપણે ત્યાં તો એના નવા વેરિયંટે માંડ પગરણ જ કર્યાં છે, પરંતુ દુનિયાના અન્ય દેશોમાં એ ફૂલ્યોફાલ્યો છે. માંડ પાટે ચડેલું જનજીવન ફરી પાછું ખોરવાઈ તો નહીં જાય - એવી દહેશત સાથે ઉફરા મને જીવવાના દિવસો આવ્યા છે. કરોડોના ખર્ચ પછી પણ ગુજરાત રાજયની 'ગ્લોબલ સમિટ' 'વાઈબ્રંટ' થશે કે પછી 'વર્ચ્યુઅલ' જ રહેશે તે કહી શકાતું નથી. વડાપ્રધાન ઘણા ઉત્સાહી છે એમને દેશ કરતાં વિદેશો વધારે માફક આવતા રહ્યા છે, પણ આ કમ્બખ્ત કોરોનાએ ખેલ બગાડી દીધો છે. વિદેશયાત્રાઓ અટકાવીને વિકલ્પે ચૂંટણી નિમિત્તે દેશયાત્રાઓ યોજી પણ એમાંય 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!' જાનકીનાથના જ એરિયામાં ધમાચકડી મચેલી છે. પડ્યા પાથર્યા રહેવું પડે એમ છે નહીંતર વાંકા નાક વાળો નાક કાપી નાખવા સાઈકલ સવાર થઈને પાછળ પડેલો જ છે. બ્રાહ્મણોની પાર્ટી તરીકે ઊપસેલા ભાજપને મોટી બીક છે બ્રાહ્મણ વોટબેંકની છે. રાહુલ ગાંધી જનોઈ દેખાડતા ફરે છે અને પ્રિયંકા શ્રદ્ધાળુ ભુદેવ કન્યા તરીકેની ઈમેજ ઊભી કરી રહ્યાં છે. ઈંદિરાજીએ એવા જ સ્વાંગ રચી રચીને બ્રાહ્મણ વોટ પર એકહથ્થુ નિયંત્રણ મેળવ્યું હતું. એ પછી ગંગા-યમુનામાં ઘણા પાણી વહીં ગયા છે અને 'તિલક-તરાજુ ઔર તલવાર - ઈનકો મારો લાતેં ચાર' જેવા લોકપ્રિય સૂત્ર સાથે દલિટ વોટબેંકના આધારે ઉત્તરપ્રદેશના અને દેશના રાજકારણમાં તરખાટ મચાવનારાં 'બહેનજી' એ એક તબક્કે બ્રાહ્મણ-દલિત સમીકરણ રચીને રોલો પાડી દીધો હતો એ વાતનેય ઘણો સમય થઈ ગયો. કયારેક એકધારા બ્રાહ્મણ મુખ્યમંત્રીઓ જ ચાલ્યા આવતા હતા ત્યાં 'મંડળ-કમંડળનાં નવાં સમીકરણ રચાયાં 'અગડી' અને 'પિછડી' જાતિઓ વચ્ચે સંઘર્ષ શરૂ થયો. માતબર લઘુમતી વોટબેંક સાથે સમીકરણ ગોઠવીને 'મુલ્લા મુલાયમ' ગાદીએ બેઠા ! ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ અને માયાવતી પાસેથી બ્રાહ્મણ વોટબેંક તો મહદંશે ખેંચી લીધી હતી પણ ખાટલે મોટી ખોડ એ આવી ગઈ કે બ્રાહ્મણને મુખ્યમંત્રી પદ ન આપતાં મૂળે ક્ષત્રિય એવા ગોરખપીઠના મહંતને મુખ્યમંત્રી પદે આરૂઠ કરી દીધા. આથી છંછણાડાયેલા બ્રાહ્મણ નેતાઓને ખુશ કરવા એક બ્રાહ્મણને અને દલિતોને રાજી રાખવા એક દલિત નેતાને નાયબ મુખ્યમંત્રી પદની લહાણી પણ કરાઈ. પરંતુ યોગી તો સીધા જ મોદીની લગોલગ રાષ્ટ્રીય નેતા બની ગયા જયારે પેલા બેનો તો કોઈ ભાવ જ પૂછતું નથી. આથી હવે એનકાઉન્ટરમાં મરાયેલા બ્રાહ્મણ માફિયાનું ભૂત ધૂણવા માંડ્યું છે. બીજી તરફ અખિલેશ યાદવે નાના પક્ષો સાથે સાંઠગાંઠ રચીને જબરું રણશિંગુ ફૂંકી દીધું છે. ચૂંટણીપંચને અલ્હાબાદ હાઈકોર્ટના સંકેત મુજબ કદાચ ચૂંટણી કોરોનાના બહાને મોકૂફ રાખવાની પણ ચાનક ચડે ! કોંગ્રેસ સાથે મહિલાઓ જોડાતી જાય છે - 'લડકી હૂં-લડ સકતી હૂં' ના પ્રિયંકા પ્રબોધની ધારી અસર થાય તો મોદી-યોગી અને અખિલેશની સાથે કોંગ્રેસ પણ ચિત્રમાં આવી જશે. જો કે સાવ નામશેષ બની ગયેલી કોંગ્રેસ માટે આવો ચમત્કાર સરજાય તો ઉત્તરપ્રદેશ કરતાં ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં વધુ ઊજળી શક્યતાઓ ઊભી થશે. પરંતુ કોંગ્રેસ પાસે પ્રિયંકા છે એમ દિગ્વિજયસિંહ જેવા 'નીવડેલા નેગેટિવ' નેતા પણ છે. હમણાં એમને કારણ વગર ગાય અને સાવરકર વિશેનાં ભદ્દા નિરીક્ષણો કરીને હિંદુ બહુમતીને નારાજ કરી મૂકી છે. સાવરકરના પુસ્તકોના હવાલો આપીને એમણે હિંદુ ધર્મ સાથે હિંદુત્વનો કોઈ સંબંધ નથી એવી મોં માથા વગરની વાત કરી છે. હિંદુત્વ અને હિંદુ ધર્મ અલગ હોઈ જ શી રીતે શકે ? શું ખ્રિસ્તીત્વ અને ખ્રિસ્તીધર્મ કે મુસલમાન અને ઈસ્લામ અલગ હોઈ શકે ? વળી ગાયનું માંસ ખાવામાં વાંધો નહીં હોવાનું કદી સાવરકર કરે ખરા ? અને કદાચ એ એવું બોલ્યા હોય તો ગાયને માતા ગણનાર હિંદુ એમને સ્વીકારે ખરા ? દિગ્વિજયસિંહ દર વખતે ભાજપને ફાયદો થાય એવો કોઈ ને કોઈ મમરો મૂકતા જ રહે છે. એવું જ મણિશંકર અય્યર કરતા રહેતા. કોંગ્રેસને દુશ્મનો શોધવા કોંગ્રેસની બહાર જવાની જરૂર જ નથી પડી ! યોગાનુયોગ આજે કોંગ્રેસનો જનમ દિવસ છે !

### દિન મહિમા

- ધીરુભાઈ અંબાણીનો જન્મદિવસ
  આંતરરાષ્ટ્રીય સ્તરે નામાંકિત ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીનો જન્મ આજરોજ ૧૯૩૨માં જૂનાગઢ જિલ્લાના માધવપુર ગામે થયો હતો.
- ભારતીય કોંગ્રેસની સ્થાપના
  ભારતની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસનો આજે સ્થાપના દિવસ છે.
  ભારતીય કોંગ્રેસની સ્થાપના એલેન ઓકટોવિયો હ્યૂમે કરી હતી.

આજનું
### ઔષધ

- દાઝી ગયેલા ભાગ પર એરંડાના પાન લગાવવાથી લાભ થાય છે.
- લીંબુનો રસ અને કોપરેલ એકત્ર કરી માલિશ કરવાથી દાદર મટે છે.

### ખડખડાટ

- ફ્રી બેઠા હોય તો એક વાત પૂછવી હતી....
  સાલું આ સેનેટાઈઝરને ગુજરાતીમાં શું કહેવાય...?

આજનો
### વોટ્સએપ

- ધર્મ કરતાં કર્મ ચડિયાતો છે, કારણ કે ધર્મ કરીને ભગવાન પાસે માંગવું પડે છે, જયારે કર્મ કરો એટલે ભગવાન ને આપવું જ પડે છે...!!

### વિચાર

- મુઝે ઈંસાન બહુત મિલે લેકિન, ઈંસાનિયત કહીં નહીં મિલી

  -ઈકબાલ દિલ્લીવાલા

- અનુભવનો એક કાંટો ચેતવણીના જંગલથી વધારે મૂલ્યવાન છે.

  - લોવેલ

# વર્તમાન સમયમાં આપણે ઉત્તમ આચરણ કરીએ




આગે ભી જાને ના તુ
પીછે ભી જાને ના તુ
જો ભી હૈ બસ યહી એક પલ હૈ

આ ગીત મારું બારમાસી ગમતું ગીત છે, પણ અત્યારે સહજ સ્મરણ થયું એના મૂળમાં થોડા સમય પહેલાની ઘટના છે.

મારી સામે રહેતા પાડોશીએ મને ૨૦૨૦ના વર્ષની બે સાવ નાની અને કોરી ડાયરી આપી, એમણે કહ્યું, 'તમારે લખવાનું બહુ હોય છે તો ભલે જુની છે, પણ તમે લખી શકે એવી છે.'... મેં આભાર માની એનો સ્વીકાર કર્યો ને એમાં લખવાનું પણ શરૂ કર્યું... પછી મારા મનમાં સંવેદનો અનુભવાયા કે જુની ડાયરીના પાના પર કાંઈક લખી શકાય, કબૂલ, પણ જૂના - વીતેલા સમયને જીવી ના શકાય. સમય તો સતત વહેતું ઝરણું છે એના પ્રવાહમાં ભળીને પળપળ માણી શકીએ તો જ જીવન છે અને એટલું જ જીવન છે.

જો ભી હૈ બસ યહી એક પલ હૈ.

ઈસવી સન ૨૦૨૨ના વર્ષો આરંભ થઈ રહ્યો છે, નવું વર્ષ, નવી હવા, નવી સવાર, નવા સંકલ્પો, નવા સપનાં, નવા પુરુષાર્થ અને નવી પ્રસન્નતા... નૂતન સિદ્ધિઓ. સ્વામીશ્રી આધ્યાત્મનંદજીએ એકવાર કહ્યું હતું 'બંધાય તે ગધાય' આ વાક્ય જીવવા જેવું છે. જળનો પ્રવાહ જયાં જયાં બંધાય, અટકે, ત્યાં ત્યાં એ ગંધાય છે. આપણા જીવનનું પણ એવું જ છે, પ્રસંગ સુખનો હોય કે દુ:ખનો એ સ્થિર નથી હોતો.

વિશ્વભરમાં પ્રસિદ્ધિની ક્ષણો હોય કે પરિવારના સ્વજનનું મૃત્યુ હોય, બંને ઘટનાઓ એક ચોક્કસ સમયની હોય છે. મીનિટો-કલાકો-દિવસો અને મહિનાઓ પુરા થાય જ છે... એની અસરોને ઝીલતા ઝીલતા આગળ વધવું જ પડે છે. માણસ કયાંયે-કયારેય સ્થિર થઈ શકતો નથી અને જો એવું થાય તો પછી એના જીવનમાં સ્થગિતતાની, વિષાદની, સોગીયાપણાની, મોહની ગંધ પ્રવેશી જાય છે વિચારો કુંઠીત થઈ જાય છે, નવું કશું સૂઝતું નથી, આગળ વધવાનું ગમતું નથી. આ સ્થિત અતિ દુ:ખદાયક પણ હોય છે અને જીવનની ગતિને અવરોધનારી પણ હોય છે . એટલે જ જાગૃતિપૂર્વક પળપળ જીવવાની છે, પળપળ ગતિ કરવાની છે.

નદીયા ચલે ચલે રે ધારા,
ચંદા ચલે ચલે રે તારા
તુજ કો ચલના હોગા...

મન્નાડેએ ગાયેલા આ ગીતના શબ્દો આત્મજ્ઞાન કરીને ૨૦૨૨ના વર્ષમાં પ્રવેશ કરવા જેવો છે. આપણો અનુભવ છે કે જયારે કોઈ પણ કામનો શુભારંભ કરીએ છીએ અને પછી અમલીકરણ કરીએ છીએ. આયોજન માટે જરૂરી છે આપણી જાત સાથે સંવાદ. મૌન રહીને જાત સાથે વાત કરીએ, આપણી આજની વાસ્તવિકતા અને આપણી જરૂરિયાત વિશે સમજીએ તો સારું પ્લાનિંગ થઈ શકે. મોટાભાગે સાધન - સંપન્ન અપર મીડલ કલાસના લોકોનો એ અનુભવ હોય છે કે એમની પાસેથી કેટલીયે વસ્તુઓ કોઈ પમ પ્રકારના સ્પર્શ વિના બે-પાંચ વર્ષ આમ ને આમ પડી રહે છે અને પછી વહેંચવી પડે છે અથવા તો નકામી થઈ જતા ફેંકી દેવી પડે છે વસ્તુ નકામી થાય તો ફૂંકી શકાય, જીવન તો અણમોલ છે, એક એક પણ અણમોલ છે,એને વેડફી ના શકાય. જે અને જેટલી ક્ષણો મળે એને ભરપૂર રીતે જીવવી પડે, જીવવી જોઈએ. ગતિ કરવી પડે, પ્રગતિ કરવી પડે. ચહેવૈતિ, ચરૈવૈતિ શબ્દને આત્મસાત કરીને સતત ચાલવું પડે.

નવા વર્ષને આવકારીએ, વધારીએ, ગઈકાલના વિચારો ને ગઈકાલને ભૂલીએ, જે હતું તે હતું, હવે નથી, હવે તો માત્ર આંખ સામે આજ અને આવતીકાલને રાખીએ.

વર્તમાન સમયમાં આપણે ઉત્તમ આચરણ કરીએ, આપણી પાસે જે કોઈ સ્કીલ છે, આવડત છે એને શ્રેષ્ઠ રીતે પ્રદાન કરીએ. જીવનની પળપળને પ્રેમથી - આત્મીયતાથી આનંદથી - પ્રસન્નતાથી સભર કરીએ. આપણી જાત સાથે, આપણા અંગો સાથે, આપણી આસપાસની પ્રકૃતિ સાથે પણ વાતો કરીએ, કોઈને કોઈ શોખ ડેવલપ કરીએ, જાગૃતિપૂર્વક એમાં જોડાયેલાં રહીએ.... અને નિરંતર અજવાળાની આરાધના કરીએ... અજવાળાને ઝીલીએ....

# ભલા મેરી સાડી સે તેરી સાડી સફેદ કૈસે ?




પોતાની પીડાને ઓછી કરવાનો - હળવી કરવાનો રાજમાર્ગ કયો ? એકદમ સિમ્પલ, આપણા કરતાં વધુ પીડા ભોગવનારાઓનો વિચાર કરવો. માણસ જો ધારે તો તેને પોતાની આજુબાજુ જ પોતાના કરતા વધુ પીડા ભોગવનારા માણસોના ઉદાહરણ મળી જાય છે. મલમલના ગાદલા પર ઊંઘની ગળીઓ ખાઈને પમ ન ઊંઘનારા શેઠનો બાલ્કનીમાંથી નીચે રસ્તા પર ફૂટપાથને ડનલોપ બનાવીને સૂનાર ભિખારીને જોઈને કદાચ ઊંઘ આવી જાય, અને નીચે ફુટપાથવાળા ભિખારીને શેઠની હેલી જોઈને ઊંઘ આવી જાય છે.

પણ, આવું થતું નથી અને બને છે એનાથી ઊંધું મહેલમાં રહેનારને નીચે શાંતિથી સૂનારા ભિખારીની ઈર્ષ્યા આવે છે અને ભિખઆરીને શેઠની હવેલીની. સરવાળે બંને સૂતા નથી. આપણો આ સ્વભાવ મૂળભૂત છે. આપણને આપણું દુ:ખ જ પહાડ જેવું લાગે છે અને આ દુ:ખ થકી લોકોની સહાનુભૂતિ મેળવવાની ઘેલછા ચરમસીમાઓ પહોંચી છે .

સુખ વહેંચવાથી વધે છે, અને દુ:ખ વહેંચવાથી ઘટે છે પરંતુ માણસની પ્રકૃતિ મોટેભાગે એ પ્રકારની છે કે સુખ વહેંચવામાં ને કંજુસાઈ કરે છે, અને દુ:ખમાં બધાને સહભાગી બનાવવા મથે છે.

બીજી મુસીબત છે... ઈર્ષ્યા. બીજાના જરા જેટલા સુખની પહાડ જેટલી ઈર્ષ્યા થાય છે. આપણું સુખ જેડવું અને બીજાનું સુંખ પહાડ જેવું દર્શાવવામાં આપણે અવ્વલ છીએ - આપણી ડૉક બીજાના સુખમ્ ડોકીયા મારીને જ દુ:ખી થાય છે.

પણ પાછી આ વાત દુ:ખમાં લાગુ પડતી નથી. નાની ફોડલીને પંપાળીને આળપંપાળ કરીને ગાંઠ જેવી બનાવી દેનારા માણસોનો તોટો નથી. બસ માણસને પોતાની દુ:ખની કહાની બનાવીને કહેવામાં કંઈક અલગ જ પ્રકારનો આનંદ આવે છે. આવું કરવાથી એને કંઈ તૃષ્ણા સંતોષાતી હશે એ તો ભગવાન જાણે, કોઈ પણ જગ્યાએ અમસ્તો જ માણસ કોઈને પૂછી બેસે કે, 'શું છે હમણાં કેવું ચાલે છે ?' સામેથી જવાબ આવશે, 'ઠીક છે પણ તમારા જેવું નહિ.'

પોતાની સ્થિતિનો આનંદ તો કોઈ દિવસ નહિ થાય. પણ બીજા આગળ છે! તે વિચારથી એક અસંતોષની લાગણી રાખી આપણા સુખમય જીવનને પણ દુ:ખી બનાવીએ છીએ...

પાછી મજાની વાત જુઓ કે આપણું દુ:ખ એ કદાચ બીજાની માટે સુખ હોઈ શકે, માટે દુ:ખ કોઈ પાસે રડવામાં મજા નથી. કોઈ આપણું દુ:ખ મટાડી શકતું નથી. કારણ કે તે સ્વયં જનિત છે વળી જો સાંભળનાર હમદર્દ બનીને સાંભળે તો ઠીક છે, બાકી મોટે ભાગે તો બધા મનમાં હસતાં જ હોય છે - હં હવે આવ્યો ને લાગમાં....'

મફત અને સરળ રીતે અપાતી સલાહ આપનાર કહેશે 'ભાઈ ! થોડું ધ્યાન રાખવું હતું ને !

આમ ન કર્યુ હોય તો દુ:ખી ન થવાત !'

દુ:ખી હોઈએ ત્યારે બધા શાણપણ ડહોળવા પહોંચી જાય છે.

'બશ દુર્દશાનો એટલો આભાર હોય છે,
જે પણ મળે છે મુજથી વધુ સમજદાર હોય છે.'
- મરીઝ

આવા ઉપદેશથી દુ:ખ ઘટતું નથી.... પરંતુ ઉપહાસથી કયારેક તીવ્ર બને છે. વાસ્તવમાં આપણે જેની પાસે હૃદય ઠાલવીએ છીએ એ સુખી છે ખરો ? વળી કદાચ આપણા રોદળાં સાંભળીને એ પોતાની જાતને સુખી માનવા લાગશે. સાથે એ પણ વિચારવાનું કે આપણાં દુ:ખની વાતો સાંભળવામાં તેને કેટલો રસ છે ? વાસ્તવમાં તો સુખ દુ:ખની આ દ્વંદ્વાત્મક સૃષ્ટિમાં રહેતા આપણે કોઈ એકના અતિરેકમાં બંનેનો સમન્વય જ જીવન છે, એ સમજવાનું ભૂલી જીએ છીએ...

'જીવન કયાં હૈ ચલતા ફિરતા એક ખિલૌના હૈ,
દો આંખો મેં એક સે રોના હૈ, એક સે હસના હૈ.'

રજનીશજી તેમના એક પ્રવચનમાં સરસ વાત કરી હતી. શ્રીમંતનું જે સુખ છે, તે ગરીબની ગરીબીમાં છે, શ્રીમંતની શ્રીમંતાઈમાં નથી.

દરેક મનુષ્યનું સ્વપ્ન હોય છે કે મૃત્યુ બાદ તેને સ્વર્ગ મળે. કારણ આપણને ખબર છે કે નરકમાં જનારા લોકો દુ:ખી થાય છે, પણ જો આણને એવી ખબર પડે કે નરક જેવું કશું છે જ નહિ તો !

બટ્રાન્ડ રસેલે કયાંક એક સરસ વાત કરી છે કે, હું સ્વર્ગમાં જવા નથી માંગતો, કારણ કે જયાં સુખ જ સુખ હોય, ત્યાં સુખનો ખ્યાલ કેવી રીતે આવશે ? મળવાનું સુખ ન મળવાની લંબાઈથી આવે છે પ્રાપ્તિમાં પ્રતિક્ષા જેટલું સુખ મળતું નથી.

પરંતુ જે સુખ છે તો પણ સુખી છે અને દુ:ખ છે તો પણ સુખી છે, તે આનંદમાં પ્રવેશી જાય છે પણ ભાઈ, આવી સ્થિતિ તો કોઈ વિરલ વ્યક્તિ જ પ્રાપ્ત કરી શકે.... સ્થિતપજ્ઞ બનવાનું મારું કે તમારું કામ નથી યાર !

સો વાતની એક વાત કે પૈસાદાર હોવાથી સુખી નથી થવાતું અને ગરીબ હોવાથી દુ:ખી. ધન પાસે સુક પણ નથી પણ પોતાનો મનગમતું દુ:ખ પસંદ કરી શકાય છે.

ખરેખર સુખદુ:ખ મહત્ત્વા નથી. પસંદગી મહત્ત્વની છે. ગરીબ માણસ જે દુ:ખ ઈચ્છે તેને પસંદ નહીં કરી શકે, પરંતુ તવંગર વ્યક્તિ પસંદગીનું દુ:ખ મેળવી શકે છે, એટલે કે અમીર અને ગરીબના દુ:ખમાં બહુ ફરક નથી.... પસંદગીમાં ફરક હોય છે.

તો એવું છે કે દુ:ખમાં હોઈએ ત્યારે ગીતાના અધ્યા જેટલા સમજમાં આવે છે, તેટલા સુખમાં નથી આવતા.... આ ભેદ મટી જાય તો સુખ-દુ:ખનું ચક્ર પણ મટી જાય.


- jayuoza@gmail.com,
Mo.9898046488


# કંકુ છાંટી કંકોતરી મોકલો




આદિમાનવ જંગલોમાં ભટકતું જીવન ગુજારતો હશે ત્યારે પણ આનંદમાં આવી જાય ત્યારે ગીત ગાતો હશે ! બહુ દુ:ખમાં ડૂબી જાય ત્યારે ય આડાઅવળા રાગડા તાણી પોતાનું દુ:ખ વ્યક્ત કરવા ગીત જેવું બડબડતો હશે ! મતલબ કે ગીત માનવજાત સાથે એના આદિમકાળથી જ સંકળાયેલું છે. પછી તો માણસના જીવનના બધા પ્રસંગોને અનુરુપ ગીતો ગવાવા લાગ્યાં હશે. પણ ગીતો ગાવાનો સહુથી મોટો અવસર તો લગ્ન છે. દરેક જાતિમાં અને દરેક ભાષામાં લગ્નગીતોનું પ્રમાણ જ મહત્તમ રહેવાનું.

લગ્નના અવસરનો પ્રારંભ કંકોતરી લખવામાં આવે ત્યારથી થયો કહેવાય. સહુ કુટુંબીજનો સારું ચોઘડિયામાં ભેગા મળી કંકોતરી લખવાનું શરુ કરે છે. બધાંને એકઠાં કરવાનું કારણ એ હશે કે કોઈ અગત્યના સંબંધીને કંકોતરી લખવાની ભૂલાઈ ના જાય. જેવી એક બાજુ કંકોતરી લખવાની શરુઆત કરવામાં આવે કે બહેનો ગીત ઉપાડે, " કંકુ છાંટી કંકોતરી મોકલો.." કંકોતરી એટલે સગાસંબંધીઓને લગ્નમાં આવવા માટેનું સ્નેહભર્યું આમંત્રણ. પહેલી કંકોતરી કુળદેવતાને લખવામાં આવે છે. બીજા ગામદેવોને પણ કંકોતરી લખ્યા પછી સગાસંબંધીઓને આમંત્રણપત્રિકા પાઠવવામાં આવે છે.

થોડા વરસો પહેલાં સાદા પોષ્ટકાર્ડ ઉપર આમંત્રણ લખ્યા પછી કંકુ છાંટવામાં આવતું. આમ સાદું પોષ્ટ કાર્ડ સ્નેહભરી કંકોતરી બની જતું. શું આના પરથી આપણું લોકગીત રચાયું હશે ? નવાઈની વાત એ છે કે શ્રી ઝવેરચંદ મેઘાણીના લગ્નગીતોના સંગ્રહ ચૂંદડીમાં આ ગીત નથી ! મને લાગે છે કે આ ગીત મોટેભાગે મધ્ય ગુજરાતમાં ગાવામાં આવે છે. જયારે મેઘાણીદાદાના સંગ્રહમાં મહત્તમ ગીતો સૌરાષ્ટ્રમાં ગવાતા ગીતોનો છે.

હવે તો કંકોતરીનો બહુ મોટો બિઝનેસ થઈ ગયો છે. કેટલાક લોકો એવું માને છે કે કંકોતરીની સાઈઝ જેમ બને તેમ મોટી રાખવી જોઈએ. તો મારા જેવાને વળી બહુ મોટી કે સાવ નાનીને બદલે મેગેઝીનોને મોકલવામાં આવતા સાહિત્ય માટે વપરાતા લંબચોરસ કવર જેવડી કંકોતરી ગમે. કોઈને શ્વેત રંગ આકર્ષે, તો કોઈને સોનેરી કે રુપેરી રંગનો મોહ હોય. આજકાલ રંગોનો કોઈ પાર રહ્યો નથી.

શ્રીમંતો માટે તો કંકોતરી એમની શ્રીમંતાઈ દેખાડવાનું એક લક્ષણ બની જાય છે. એમની કંકોતરી એવી મોંઘીદાટ હોય કે જો આપણને આપવામાં આવી હોય તો એ કંકોતરીની કિંમત જેટલો ચાંલ્લો કરવાની પણ આપણી હામ ના ચાલે. પાછી કંકોતરીયે કેટલી જાતની ? કોઈ લાંબી હોય, પહોળી હોય, કોતરણીવાળી હોય, સુગંધિત હોય, મેટાલીક પેપરની હોય, બોકસમાં હોય, ફોલ્ડીંગ હોય, રેશમી વસ્ત્રમાં છાપી હોય. એના વૈવિધ્યનો કોઈ છેડો ના આવે. કેટલાક લોકો કંકોતરીમાં જમણવારનું મેનુ પણ છપાવે છે. હજારોની સંખ્યામાં મહેમાનોને તેડાવ્યા હોય. કેટલીય જાતની વાનગીઓ ટેબલો પર ખડકાઈ હોય. જેને જે પ્રકારનું ભોજન આરોગવું હોય તે પેલી ચોપડી જેવડી કંકોતરીમાં જોઈને પોતાની પસંદગીનું ભોજન માણી શકે છે.

એમાં હવે આવી ડીજીટલ કંકોતરી. સૌથી સુંદર, એમાં ગીત પણ વાગતું હોય, અને તોય સહુથી સસ્તી. એકવાર ડાઉનલોડ કરવાના પૈસા આપવા પડે એટલું જ. પછી તો લેપટોપ પર બેસીને તમે ચાહો તેટલા માણસોને ઘેર બેઠા આમંત્રણ પાઠવી શકો. ના રુબરુ વહેંચવા જવું પડે, ના ટપાલની ટિકિટો લાવીને ચોટાડવી પડે કે ના ઘેર ઘેર ધક્કા ખાવા પડે કે ના પોષ્ટ ઓફિસના ડબલામાં નાખવા જવું પડે . કેટલી નિરાંત !

કંકોતરીના મથાળે જો સહકુટુંબ લખવામાં આવ્યું હોય તો લગનમાં આખા કુટુંબે આવવાવાનું છે એમ સમજાય અને એક જણ અથવા બે જણને એવું લખ્યું હોય તો લખ્યા મુજબના માણસોને આવવાનું. કશુંય ના લખ્યું હોય તો એક જણે જ જવાનું છે એવું સમજી લેવાનું. હવે તો કંકોતરીમાં એક જણને/ બેજણને/ સહકુંટુંબ એવું છાપી દેવામાં આવે છે. જે લાગુ પડ્તું હોય તે રાખીને બાકીનું છેકી નાખવાનું. થોડાદિવસ પહેલાં ફેસબુક પર એક એવી કંકોતરી મૂકવામાં આવી હતી જેમાં એક જણને/ બે જણને/ સહકુટુંબ ની સાથોસાથ એક પણ જણને નહીં એવુંય છાપવામાં આવ્યું હતું. આનું શું સમજવું ? આમંત્રણ મળ્યું પણ લગ્નમાં જવાનું નહીં ! તો પછી કંકોતરી આપવાનો અર્થ શો ?

શરુઆતમાં જે ગીતનો ઉલ્લેખ કરેલો એ ગીતથી જ આ લેખનું સમાપન કરીએ.

કંકુ છાંટી કંકોતરી મોકલો
જઈને દેજો સુભદ્રાને હાથ રે વેગે વહેલા આવજો.
સાથે દેવ દુંદાળાને લાવજો,
એ છે પાર્વતીના પુત્ર... વીરા વહેલા આવજો.
કંકુ છાંટી કંકોતરી મોકલો
જઈને દેજો વીરાને હાથપ વીરા વહેલા આવજો.
મારી પ્યારી ભાભીને લાવજો.
કંકુ છાંટી કંકોતરી મોકલો,
જઈને દેજો કુળદેવીને હાથપ વેગે વહેલા આવજો.
વેદ વાંચતાં વિપ્રને લાવજો.

કેટલીક જગ્યાએ આ ગીત નીચે મુજબ પણ ગવાય છે. તેમાં કુટુંબના દરેક સભ્યોના નામ લઈને પણ ગાવામાં આવે છે.

કંકુ છાંટી કંકોતરી મોકલો
એમાં લખજો અમીબેનનાં નામ લગન આવ્યાં ઢૂંકડાં.
બેનના દાદા આવ્યા ને દાદી આવશે,
બેનના માતાનો હરખ ના માય રે લગન આવ્યાં ઢૂંકડાં.
બેનના કાકા આવ્યા ને કાકી આવશે,
બેનના ફોઈનો હરખ ના માય રે લગન આવ્યાં ઢૂંકડાં.
બેનના મામા આવ્યા ને મામી આવશે,
બેનનાં માસીનો હરખ ના માય રે લગન આવ્યાં ઢૂંકડાં.
બેનના વીરા આવ્યા ને ભાભી આવશે,
બેનની બેનીનો હરખ ના માય રે લગન આવ્યાં ઢૂંકડાં.

આ ગીત ગાતાં ગાતાં હૈયામાં જે હરખ થાય છે તે અનુભવવા માટે કોઈની કંકોતરી લખાતી હોય તે ટાંકણે તમારે આ ગીત ગાવું પડે. અલબત્ત ગીત સાંભળવાથી પણ અનેરો આનંદ મેળવી શકાય છે, જો તમે કોઈની સાથે નકામી વાતોમાં ગુંથાઈ ના ગયા હોય અને તમારું ધ્યાન મોબાઈલમાં ના હોય તો !